જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી

ક્રમાંક/જિ.ર.ગ.અ./૨૦૧૮-૧૯/રા.ક/
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
" સી " બ્લોક, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ
સેકટર-૧૧, ગાંધીનગર.
ફોન નં: ૦૭૯ ૨૩૨૪૦૩૨૪, ૯૨૨૮૪ ૧૦૧૦૧
તારીખ : ૧૫/૧૦/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય :- **ખેલમહાકુંભ-૨૦૧૮ રાજ્યકક્ષાની હોકી અંડર-૧૪ ભાઈઓ / બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ બાબત.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ખેલમહાકુંભ- ૨૦૧૮ અંતર્ગત રાજ્યકક્ષા હોકી અંડર -૧૪ ભાઈઓ / બહેનો સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૧૦/૨૦૧૮ થી તા. ૦૫/૧૧/૨૦૧૮ દરમ્યાન આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ થનાર છે. જે અંગેની આપના જિલ્લાની વિજેતા અને પસંદગીની ટીમની એન્ટ્રી અત્રેના ઈ મેઈલ આઈ-ડી dsogandhinagarrural16@gmail.com ઉપર તા. ૨૪/૧૦/૨૦૧૭ સુધીમાં મોકલી આપવા વિનંતી. અને ભાગ લેનાર ખેલાડીઓને આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ જાણ કરી સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

**રીપોર્ટીંગ સ્થળ** :- ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર
**નિવાસ સ્થળ (ભા/બ)** :- ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર
**સ્પર્ધા સ્થળ** :- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા, સેકટર – ૧૫, ગાંધીનગર
**સંપર્ક નંબર** :- ૧) આર. કે. ચૌધરી :- ૯૯૨૫૧૮૦૪૭૦ ( વ્યાયામ શિક્ષક )
૨) આર.પી.ચૌધરી :- ૮૨૦૦૮૩૭૮૪૭ ( પ્રા.યુ.વિ.અ )
૩) લાભુભાઇ દેસાઇ :- ૮૪૯૦૮૧૪૩૨૫ ( વ્યાયામ શિક્ષક )
૪) કનુભાઇ ચૌધરી :- ૯૯૨૪૪૧૧૭૦૪ ( વ્યાયામ શિક્ષક )

❖ **સ્પર્ધા અંગે જરૂરી સૂચના** :-

(૧) ટીમના દરેક ખેલાડીની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે. તેમજ ઓનલાઈન આઈ.ડી. નંબર વાળા જ ખેલાડીઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.

(૨) ભાગ લેવા આવનાર વિજેતા અને પસંદગી ટીમના ખેલાડીઓની K.M.K ID વાળી એન્ટ્રી તથા એલીજીબીલીટી ફોર્મ જે તે જિલ્લા રમતગમત અધિકારીના અને સ્કુલના સહી સિક્કા કરીને સાથે લાવવાની રહેશે.

(૩) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત રહેશે.

(૪) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત પણે પોતાની શાળાનું બોનાફાઇડ પ્રમાણપત્ર / આધારકાર્ડ / જન્મ તારીખનો દાખલો / રહેઠાણ / ફોટો આઈ.ડી અને બેન્ક એકાઉન્ટની માહીતી ના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.

(૫) સ્પર્ધા નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. તેમજ સ્પર્ધા સ્થળે/ નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/ મેનેજરે ભરપાઈ કરવાની રહેશે.

(૬) ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકેનો એકજ વ્યક્તિએ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી સિક્કા વાળો ઓર્ડર સાથે લાવવાનો રહેશે.

(૭) સ્પર્ધા પુર્ણ થયે ટીમોએ તાત્કાલિક પરત જવાનું રહેશે અને નિવાસ ખાલી કરવાનો રહેશે.

(૮) જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ-ભોજનની વ્યવસ્થા જાતે જ કરવાની રહેશે.

(૯) કોચ કમ મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈપણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૧૦) સ્પર્ધામાં આવનાર સાંજે રીપોર્ટીંગ કરનાર તમામ ટીમો માટે બપોર બાદ સાંજથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

(૧૧) ખેલાડી/ મેનેજરે પોતાની સાથે કોઈપણ કિંમતી વસ્તુ લાવવી નહી નહિતર જવાબદારી ખેલાડી/ મેનેજરની રહેશે.

**નોંધ :- પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં અથવા ચેકથી ચુકવવામાં આવશે. જેથી બેન્ક એકાઉન્ટની વિગતો સાથે લઈને આવવી. જેની ખાસ નોંધ લેવી.**



**જિલ્લા રમતગમત અધિકારી**

**ગાંધીનગર**

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ :-</u>

૧) માન. સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

૨) માન. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

૩) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.

૪) માન. કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર

૫) માન. કલેક્ટરશ્રી, ગાંધીનગર

૬) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર

૭) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર

૮) માન. રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેકટર-૧૫, ગાંધીનગર.

૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર

૧૦) માન. નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

૧૧) સિનિયર કોચશ્રી તમામ ગુજરાત રાજ્ય.

૧૨) નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ ૨૦૧૮, હોકી રાજ્યકક્ષા સ્પર્ધા.

૧૩) પ્રમુખશ્રી / મંત્રીશ્રી ગુજરાત રાજ્ય હોકી એસોસીએશન.

૧૪) ટ્રસ્ટીશ્રી / આચાર્યશ્રી ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા,

# સ્પર્ધા કાર્યક્રમ

## જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર

### ખેલમહાકુંભ – ૨૦૧૮ રાજ્યકક્ષા હોકી અંડર- ૧૪ ભાઇઓ / બહેનો

### સ્પર્ધા તારીખ :- ૨૬/૧૦/૨૦૧૮ થી ૦૫/૧૧/૨૦૧૮

| ક્રમ | વય જુથ | રીપોર્ટીંગ તારીખ સમય અને સ્થળ | સ્પર્ધા તારીખ/ સમય |
|---|---|---|---|
| ૧ | અંડર – ૧૪ ( ભાઇઓ )<br>વિજેતા ટીમ | તા. ૨૬/૧૦/૨૦૧૮<br>સાંજે ૦૪:૦૦ કલાકે<br>ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર | તા. ૨૭/૧૦/૨૦૧૮<br>સવારે ૦૮:૦૦ કલાક થી<br>શીડયુલ મુજબ |
| ૨ | અંડર – ૧૪ ( ભાઇઓ )<br>પસંદગી ટીમ | તા. ૨૮/૧૦/૨૦૧૮<br>સાંજે ૦૪:૦૦ કલાકે<br>ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર | તા. ૨૯/૧૦/૨૦૧૮<br>સવારે ૦૮:૦૦ કલાક થી<br>શીડયુલ મુજબ |
| ૩ | અંડર – ૧૪ ( બહેનો )<br>વિજેતા ટીમ | તા. ૩૦/૧૦/૨૦૧૮<br>સાંજે ૦૪:૦૦ કલાકે<br>ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર | તા. ૩૧/૧૦/૨૦૧૮<br>સવારે ૦૮:૦૦ કલાક થી<br>શીડયુલ મુજબ |
| ૪ | અંડર – ૧૪ ( બહેનો )<br>પસંદગી ટીમ | તા. ૩૧/૧૦/૨૦૧૮<br>સાંજે ૦૪:૦૦ કલાકે<br>ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, રાંધેજા, ગાંધીનગર | તા. ૦૧/૧૧/૨૦૧૮<br>સવારે ૦૮:૦૦ કલાક થી<br>શીડયુલ મુજબ |

જિલ્લા રમતગમત અધિકારી

ગાંધીનગર